25 સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# ઈર્ષ્યા ભક્તિમાર્ગનો પ્રબળ અવરોધ છે તેને તો ઊગતી જ દબાવી દેવી




**આચમન**
**બિપિન પટેલ**

કામ, ક્રોધ, મદ, લોભ, મોહ અને મત્સર (ઈર્ષ્યા) તો મનુષ્યના પ્રબળ આંતરિક શત્રુઓ છે. આ શત્રુઓ જ તેને માનવતાના માર્ગથી ભટકાવે છે. આ શત્રુઓને અંકુશમાં રાખ્યા વિના માનવી ભક્તિમાર્ગ પર આગળ વધી શકતો નથી. તેમાં પણ ઈર્ષ્યા તો માનવીનો એવો મહાન શત્રુ છે કે જે માનવીની શાંતિ હણી લે છે. બીજાનાં સુખ, સંપત્તિ અને પ્રગતિ જોઈને મનત્રાં અદેખાઈ થવી અને હૈયામાં જલન થવી-એનું નામ ઈર્ષ્યા અને ઈર્ષ્યાનું પ્રબળતમ રૂપ એટલે મત્સર! બીજાની પ્રગતિ જોયા પછી તેના કરતાં વધુ આગળ નીકળી જવાની વૃત્તિ મનમાં ઊઠવી પરંતુ તેમાં સફળ ન થતાં સામેની વ્યક્તિને પછાડવાની કે હાનિ પહોંચાડવાની વૃત્તિ થવી- તેનું નામ મત્સર! અર્થાત મત્સર એ ઈર્ષ્યાનું એવું પ્રબળતમ રૂપ છે કે જયાં ઈર્ષ્યા કરનાર વ્યક્તિ પોતાના પરનો કાબૂ ગુમાવીને સામેની વ્યકિતનું અહિત કરવા માટે પ્રેરાય છે, ક્યારેક અહિત કરે પણ છે. સ્વયં અર્જુન અને ગુરુ દ્રોણાચાર્ય પણ મત્સરનો ભોગ બન્યા હતા. એકલવ્યની ઉત્કૃષ્ટ ધનુર્વિદ્યા જોઈને અર્જુનના મનમાં ઊઠેલી ઈર્ષ્યાએ મત્સરનું રૂપ ધારણ કર્યું. એ જોઈને દ્રોણાચાર્યના મનમાં પણ મત્સરનો ભાવ જાગ્યો- અરે! આ તો અર્જુન કરતાં પણ આગળ નીકળી ગયો! મત્સરવશ થયેલા તેમણે એકલવ્ય પાસે ગુરુદક્ષિણામાં તેના જમણા હાથનો અંગૂઠો જ માગી લીધો, જેથી એકલવ્યની ઉત્કૃષ્ટ, ધનુર્વિદ્યાનું મૂળ જ નષ્ટ થઈ ગયું.

કૈકેયીજીના મનમાં પણ ઈર્ષ્યાનો કીડો સળવળ્યો - રામ રાજા બનવાનો અને મારો ભરત રહી જવાનો એ ઈર્ષ્યાએ મત્સરનું રૂપ ધારણ કર્યું અને રઘુવંશ કલંક્તિ બની ગયો. તુલસીદાસજી કહે છે; પર સુખ દેખિ જરનિ સોઈ છઈ (ક્ષય) - બીજાનું સુખ જોઈને મનમાં થતી ઈર્ષ્યા એ તો ક્ષય રોગ સમાન છે, જેમ ક્ષય રોગનો દર્દી દિવસે દિવસે ક્ષીણ થતો જાય છે એ જ પ્રકારે ઈર્ષ્યા પણ માનવીને અંદર ને અંદરથી ધીમે ધીમે નષ્ટ કરે છે અર્થાત તેની માનવતાનું હનન કરે છે.

શ્રીરામચરિતમાનસના સુંદરકાંડનો એ પ્રસંગ આ દિશામાં કંઈક વધુ સમજાવે છે. ભકિત સ્વરૂપા સીતાજીની શોધ માટે આકાશમાર્ગે જઈ રહેલા હનુમાનજી ની ગતિ એકાએક અટકી ગઈ - જાણે તેમને કોઈ અદ્રશ્ય શક્તિએ પકડી લીધા. તેમણે નીચે સાગરજળ પર જોયું. તેઓ સમજી ગયા કે આ તો સિંહિકા રાક્ષસીનું પરાક્રમ છે. સિંહિકા સાગરમાં રહેતી એક મહાકાય રાક્ષસી હતી. તે પોતાની માયાવી શક્તિ વડે આકાશમાં ઊડતાં કોઈ પણ જીવનો પડછાયો પકડીને તેને સાગરમાં ખેંચી-પછાડીને ખાઈ જતી હતી. હનુમાનજી તેનું આ કપટ જાણી ગયા. આ રાક્ષસીને તો મારવી જ પડશે-એવું વિચારીને તેને મારીને તેઓ આગળ વધી ગયા. આ સિંહિકા ઈર્ષ્યા (મત્સર)નું પ્રતીક છે, જે બીજાની પ્રગતિને સહન કરી શક્તી નથી અને તેનો ટાંટિયો પકડીને પછાડવાનો પ્રયત્ન કરે છે. હનુમાનજી જેમ સિંહિકાને મારીને આગળ વધી ગયા, એ જ રીતે મનમાં ઊઠતી ઈર્ષ્યાને ખત્મ કર્યા વિના ભક્તિપથ પર આગળ વધી શકાતું નથી. ભક્તિપથના પ્રબળ અવરોધ એવી ઈર્ષ્યાને તો ઊગતી જ દબાવી દેવી જોઈએ. આવો! ન ઈર્ષ્યા કરીએ! ન દ્વેષ કરીએ, બસ, કેવળ પ્રેમ કરીએ!

> મત્સર એ ઈર્ષ્યાનું એવું પ્રબળતમ રૂપ છે કે જયાં ઈર્ષ્યા કરનાર વ્યક્તિ પોતાના પરનો કાબૂ ગુમાવીને સામેની વ્યકિતનું અહિત કરવા માટે પ્રેરાય છે, ક્યારેક અહિત કરે પણ છે

# જીવનમાં અગત્યનું કામ કયું?




**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**

ખેતરમાં મોલ ઊગે ત્યારે આજુબાજુ નકામું ઘાસ અને બીજું કચરું પણ ઊગી નીકળે છે અને એ સહજ હોય છે પણ મુખ્ય પાકને પૂરતું પોષણ મળે, પાણી મળે, એ માટે આજુબાજુનું નકામું ખડ કે કચરું દૂર કરવું પડે છે. એ નકામા ઘાસને દૂર કરીએ તો જ પાકના છોડનો ઉછેર સારો થાય છે. એમ એક સંત જેમનું નામ સંત ફ્રાન્સિસ હતું, તેમણે પોતાના રહેઠાણના આંગણામાં સરસ મજાનો નાનો બગીચો ખીલવ્યો હતો. બગીચામાં વિવિધ પ્રકારનાં ફૂલછોડ હતાં. આ બગીચાને રોજ પાણી પાવાનું, છોડની માવજત કરવાની વગેરે કાર્ય તેમની દિનચર્યાનો મહત્ત્વનો ભાગ હતો. તેઓ ફૂલછોડની આસપાસ ઊગી નીકળતા ઘાસ, કચરાને સાફ કરતા અને ફૂલછોડને પ્રેમથી ઉછેરતાં. આ કાર્યને તેઓ સેવાકાર્ય ગણતા. એક વખત તેઓ બગીચામાં ઊગેલું નકામું ઘાસ દાતરડાથી કાપી ઉખેડી રહ્યા હતા, ત્યારે એક શિષ્ય ત્યાં આવ્યો અને કોઈ રહ્યો. એ શિષ્યે ધીમે રહીને સંતને પૂછ્યું; ‘‘હું રોજ જોઉં છું. આપ આ રીતે ખૂબ મહેનત અને પ્રેમથી રોજ બગીચો સુધારો છો પણ ધારોકે આપનું મૃત્યુ નજીક છે અને તમારું કોઈ અગત્યનું કામ કરી લેવાનું હોય તો શું કરો?’’ ત્યારે એ સંતે કહ્યું; ‘‘મારું અગત્યનું કામ જ આ છે. બગીચો સંવારવાનું, સુધારવાનું, આ કામ કરતાં કરતાં ભગવાનનું નામ તો લેવાય જ છે અને પોતાના કાર્યમાં નિષ્ઠા, ખંત કે મહેનત એ જ ભક્તિ છે. પછી એ સિવાય મારે બીજું શું અગત્યનું કામ હોય? તમે જ કહો, આનાથી બીજું કિંમતી અગત્યનું શું છે? પેલો શિષ્ય નમન કરી કૃતાર્થ થયો, એણે સંતના કહેવાનો મર્મ સમજી લીધો. જીવનમાં જે કંઈ કર્મ કરો, તેમાં પૂરી નિષ્ઠા, ખંત અને લગન હોવી જોઈએ. કર્મ જ ભક્તિ છે અને બીજી વાત એ હતી કે સારો પાક ઉગાડવો હોય તો મુખ્ય પાકની આજુબાજુ ઊગી નીકળતું ખડ, કચરું સાફ તો કરવું જ પડે, બગીચો સુધારવા પણ નકામું કચરું દૂર કરતા રહેવું પડે તો જ મુખ્ય છોડનો ઉછેર સારો થાય અને પૂરતું પોષણ મળે. એમ જીવનને ઉર્ધ્વગામી બનાવવા તમારા કાર્યની સાથે નકામાં કાર્યોને દૂર કરતાં રહેવું પડે, સદવિચારોની આસપાસ ફરતાં દુર્વિચારોને દૂર કરતા રહેવું પડે. આ ફૂલછોડના ઉછેરની જેમ બાળકોના ઉછેર માટે આસપાસના કુસંસ્કાર, ખરાબ પ્રભાવો દૂર કરવા પડે તો જ બાળકને સદસંસ્કાર સિંચી, વધુ પોષણ આપી શકાશે. આ જ કામ અગત્યનું છે. તેનાથી વધુ અગત્યનું શું હોઈ શકે?

> જીવનને ઉર્ધ્વગામી બનાવવા તમારા કાર્યની સાથે નકામાં કાર્યોને દૂર કરતાં રહેવું પડે, સદવિચારોની આસપાસ ફરતાં દુર્વિચારોને દૂર કરતા રહેવું પડે. આ ફૂલછોડના ઉછેરની જેમ બાળકોના ઉછેર માટે આસપાસના કુસંસ્કાર, ખરાબ પ્રભાવો દૂર કરવા પડે તો જ બાળકને સદસંસ્કાર સિંચી, વધુ પોષણ આપી શકાશે



## સપ્તાહનાં વ્રત-તહેવાર

**તા.૨૬ ઑક્ટો.થી તા.૧ નવેમ્બર ૨૦૨૬**

**તા.૨૬, સોમવાર,**
આસો પૂનમ-ઃડાકોરનો મેળો, વાલ્મીકિ જયંતી સંત મીરાં જયંતી, કાર્તિકી સ્નાન પ્રારંભ.

**તા.૨૭, મંગળવાર,**
આસો વદ એકમ, ચંદની પડવો, બીજનો ક્ષય.

**તા.૨૮, બુધવાર,**
આસો વદ ત્રીજ :

**તા.૨૯, ગુરુવાર,**
આસો વદ ચોથ-ઃસંકટ ચોથ, કરવા, દશરથ, લલિતા ચોથ. ચંદ્રોદય રાતેઃ૮-૫૩.

**તા.૩૦, શુક્રવાર,**
આસો વદ પાંચમ-ઃરાષ્ટ્રસંત શ્રી તુકડોજી મહારાજ સ્મૃતિદિન, રાષ્ટ્રીય એકતા દિન.

**તા.૩૧, શનિવાર,**
આસો વદ છઠ-ઃસરદાર પટેલ જયંતી, ઈંદિરા ગાંધી પુણ્યતિથિ.

**તા.૧, રવિવાર,**
આસો વદ સાતમ-ઃભાનુ સપ્તમી, કાલાષ્ટમી, શ્રી રાધાકુંડ સ્નાન-મથુરા.

## સુવિચાર

**“પોતાના કાર્યમાં પૂરી નિષ્ઠા અને મહેનત એ જ સાચી ભક્તિ છે.”**